NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

Azadi Ka Amrit Mahotsav
G20

**વંચાણમાં :**–૧. જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીના પત્ર ક્રમાંક: એનવીએસ/કૃયુનિ.ઓડિટ/**૧૬–૧૭**/ઈન્ટીમેશન/**૧૭૭**, તા.૧૨-૦૧-૨૦૨૪

૨. જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીના પત્ર ક્રમાંક: નં.એલ.એફ/એનવીએસ/કૃયુનિ.ઓડિટ/**૧૭–૧૮**/ઈન્ટીમેશન/**૧૮૩**, તા.૧૨-૦૧-૨૦૨૪

**સમય મર્યાદા/અગત્યનું**

## ❧ પરિપત્ર ❧

**સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વર્ષનું લોકલ ફંડ ઓડિટ હાથ ધરવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, **સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮** ના વાર્ષિક હિસાબોનું ઓડિટ બાકી હોય જે સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ, નવસારી દ્વારા **તા.૦૨–૦૨–૨૦૨૪** થી વંચાણે લીધેલ ક્રમ-૧ અને ૨ ની વિગત મુજબ શરુ થનાર છે. તો જે તે કચેરીઓએ તેમનું સ્થાનિક રેકર્ડ અધતન રીતે ગોઠવણ કરી જરૂરી વ્યવસ્થા પૂરી પાડવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. ઓડિટ સમય દરમ્યાન કર્મચારી/અધિકારીશ્રીઓએ તેઓની ફરજ ઉપર હાજર રહી ઓડિટ કરેલ માંગણી મુજબનું તમામ રેકર્ડ રજુ કરવાનું રહેશે. ઓડિટ દરમ્યાન ઉપસ્થિત કરવામાં આવતા પ્રાથમિક વાંધાના જવાબો જરૂરી આધાર પુરાવા સાથે શક્ય હોય તો **તુરંત જ અથવા દિન–૨ માં** રજુ કરી આપવાની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે. જેની એક નકલ અત્રેની કચેરીને અવશ્ય આપવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, આપની કચેરીને આપવામાં આવેલ વાંધાની નોંધ આપની કચેરીના ઓડિટ રજીસ્ટરમાં બિનચૂક કરવાની રહેશે.

**બિડાણ:**- વંચાણમાં લીધેલ ક્રમ-૧ અને ૨

**જા.નં.નકૃયુ/હિનિ/ઓડિટ/૩૮૭/૨૦૨૪**
**તા.૨૦/૦૧/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ જય ભારત સાથ રવાના (ઈ–પરિપત્ર દ્વારા):**

**(૧)** પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ સારું.
**(૨)** કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
**(3)** યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
**(૪)** જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારી.
**(૫)** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
**(૬)** યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
**(૭)** વહીવટી-વ-હિસાબ અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું તથા ઓડિટ માટે રેકર્ડ તૈયાર રાખવા સારું.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

# જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી

સ્થાનિક ભંડોળ હિસાબ,બીજે માળ,જૂનું જિલ્લા સેવા સદન,
કોર્ટ બિલ્ડીંગ સામે, જૂના થાણા,નવસારી.
Mail: asstexaminer-nav@gujarat.gov.in phone: 02637-280239


નં.એલ.એફ./એનવીએસ/કૃયુનિ.ઓડીટ/૧૬-૧૭/ઈન્ટીમેશન/177 તા. ૧૨.૦૧.૨૦૨૪

પ્રતિ,
કુલપતિશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સીટી,
નવસારી

વિષય-નવસારી કૃષિ યુનિવર્સીટી નું સને ૨૦૧૬-૧૭નું ઓડીટ પુન: શરૂ થવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સને ૧૯૬૩ ના ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમની જોગવાઈ અન્વયે આપની સંસ્થાનુ સને ૨૦૧૬-૧૭નુ ઓડીટ અત્રેની કચેરી દ્વારા ૨૩.૧૨.૨૦૧૯ થી શરૂ કરવામાં આવેલ હતું પરંતુ સદરહું ઓડીટ પૂર્ણ થઈ શકેલ નથી. સદરહુ ઓડિટ અન્વયે બાંધકામ શાખા તથા યુનિવર્સીટી ને સંલગ્ન જિલ્લા બહારની સંસ્થાનું ઓડિટ બાકીમાં હોય જે પુન: તા. ૦૨ /૦૨/૨૦૨૪ ના રોજથી શરૂ થનાર હોય ઓડીટ દરમિયાન રેકોર્ડ અચૂક રજૂ થાય તે અંગે સંબંધિતોને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી.

આપની વિશ્વાસુ,

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
નવસારી

હિ.ઓડીટ
C.R.

નકલ સવિનય રવાના :-
(૧)હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સીટી,નવસારી તરફ જાણ તથા અમલ સારૂ.
(૨)વિભાગીય નાયબ નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,સુરત ઝોન તરફ જાણ તથા અમલ સારૂ

નકલ રવાના -
(૧)શ્રીમતી જાગૃતિ એફ ઠાકોર, ઓડીટર, (વર્તુળ-૧)તરફ જાણ તથા અમલ સારૂ
(૨) શ્રી પી.એમ.વાળા, ના.ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ
(૩)કુ એ.ટી.ગોહીલ, સબ.ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ


OFFICE OF THE COMPTROLLER
INWARD NO.
262
19 JAN 2024
N.A.U. NAVSARI

# જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી

સ્થાનિક ભંડોળ હિસાબ,બીજે માળ,જૂનું જિલ્લા સેવા સદન,
કોર્ટ બિલ્ડીંગ સામે, જૂના થાણા,નવસારી.
Mail: asstexaminer-nav@gujarat.gov.in phone: 02637-280239


નં.એલ.એફ./એનવીએસ/કૃયુનિ.ઓડીટ/૧૭-૧૮/ઈન્ટીમેશન/183 તા. ૧૨.૦૧.૨૦૨૪

પ્રતિ,
કુલપતિશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સીટી,
નવસારી

વિષય-નવસારી કૃષિ યુનિવર્સીટી નું સને ૨૦૧૭-૧૮ નું ઓડીટ શરૂ થવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સને ૧૯૬૩ ના ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમની જોગવાઈ અન્વયે આપની સંસ્થાનુ સને ૨૦૧૭-૧૮ નુ ઓડીટ અત્રેની કચેરી દ્વારા તા.૦૨ /૦૨/૨૦૨૪ ના રોજથી શરૂ થનાર હોય ઓડીટ દરમિયાન રેકોર્ડ અચૂક રજૂ થાય તે અંગે સંબંધિતોને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી.

આપની વિશ્વાસુ,

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
નવસારી

નકલ સવિનય રવાના :-
(૧)હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સીટી,નવસારી તરફ જાણ તથા અમલ સારૂ.
(૨)વિભાગીય નાયબ નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,સુરત ઝોન તરફ જાણ તથા અમલ સારૂ

નકલ રવાના :-
(૧)શ્રીમતી શીલાબેન પી ચૌધરી, ઓડીટર, (વર્તુળ-૨) તરફ જાણ તથા અમલ સારૂ
(૨) શ્રી એ એસ પટેલ, સબ ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ
(૩)શ્રી એન એ ચૌધરી , સબ ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ


OFFICE OF THE COMPTROLLER
INWARD NO. 263
DT. 19 JAN 2024
N.A.U., NAVSARI